Barcode - 99999990873517
Title - Israre Maarfat Urfe Ali Allah.
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 16
Publication Year - 1939
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9999999087351

# "ઇસરારે માઅરફત"

ૐ



અલી ... અલ્લાહ.

વિશ્વ એમ સિદ્ધાંત લઇ, ... નહિ ... ભેદ,
ઉંડે ... ની ઐકયતા, સ... પંથ માહિં આનંદ.

લખનાર:—... 

27 FEB 1928

પ્રકટ કર્તા

વી. એમ. મા... યાવાલા.

છાપનાર:—રહેમતુલા વીરજી ઓન. સેક્રેટરી
...સી ખોજા ઓધી પ્રીન્ટીંગ પ્રેસ, ૧-૪ ડોંગરી
સ્ટ્રીટ ભીમપુરા—મુંબઇ નાં. ૯

સંવત ૧૯૮૪—ઇ. સ. ૧૯૨૮—હી. સ. ૧૩૪૬

આવૃત્તિ પહેલી ] કીંમત ૬ પાઇ [ પ્રત ૨૦૦૦

તિ
કામિલ
છે. ખરા

गूजरात विद्यापीठ ग्रंथालय

[ गूजराती कॉपीराअिट विभाग ]

अनुक्रमांक 13૮૪3 वर्गांक

पुस्तकनुं नाम ઈસરારે માઅરફત

विषय પ ૭૨૬ : ૫૧

# "ઈસરારે મા'અરફત"

ઉર્દૂ

ૐ અલી અલ્લાહ

લેખકઃ-મીશનરી અબદુલહુસેન બચલ.

## બે શબ્દ.

આ ન્હાનકડું પુસ્તક ઇસ્માઇલી વાચક સમૂહના હસ્તમાં આનંદ સાથે મુકું છું. આપણા સતપંથ-ઇસ્માઇલી ધર્મ સંબંધી વિવાદ શાસ્ત્ર, ઇતિહાસ, નીતિશાસ્ત્ર, ક્રિયાશાસ્ત્ર આદિ વિષયો પર લખાયલાં પુસ્તકો સારી સંખ્યામાં મળી આવે છે પરંતુ સતપંથના મહાન પીરો ઇરાન વેરથી હિંદમાં આવી અરેબીક અને હિંદી અથવા ઇસ્લામી તથા વૈદિક સંસ્કૃતિનું જે સુંદર જોડાણ કરનારી સતપંથની સાકરી અર્પણ કરી અને તે વિષયમાં અધ્યાત્મશાસ્ત્રના અતિગુઢ અને સામાન્ય બુદ્ધિથી સમજમાં નહીં આવતા અને તાત્વિક ક્રમ દર્શાવ્યો તે સંબધમાં હજી આપણા વિદ્વાન લેખકોનું લક્ષ પુરતા પ્રમાણમાં ગયું નથી.

મેં મારી અલ્પમતિ અને અભ્યાસ અનુસાર એ મહાન પીરોના મારફતી માર્ગનું સ્ફોટન કર્યું છે. ખરી રીતે જોતાં આ અધ્યાત્મ માર્ગની જ્ઞાન તથા કર્મ સહિતની ઉન્નતિ પ્રાપ્ત કરી આ સંસારમાં મુક્તિ મેળવવાનું કાર્ય કામિલ મુરશીદ વિના અશક્ય નહીં બલ્કે અસંભવનીય છે. ખરા

મુમુક્ષુ ભાવનાધારી સતપંથી અને ધરમાઇઓ પોતાના મુર-
શિદના રહેબરીમાં આ ક્રમ પુર્ણ કરી સત્વિક આનંદ પ્રાપ્ત
કરશે અને પોતાના ધર્મની વિશાળતાનો સાક્ષાત અનુભવ
મેળવશે એવી મ્હારી શુભાશા છે.

"અચલ."

---

"ૐ અલી અવતાર છે, આદ વિશ્વ પ્રાણ.
આલે અમર પ્રગટીયા, સોહી હરી પીછાણ,"

"અલી મઝહરે કામીલ મરકઝ અનવારે જમાલે ખુદાવંદ (સાકાર સ્વરૂપ) તુરનો આધનો જાતે અહદીયત છે," જેમાં તમામ ખુદાવંદની સીફ્તો ઝહુરમાં એટલે પ્રગટ જોવામાં આવે છે. વાસ્તવીક રીતે આશકે હકીકી હોવો જોઇએ, પોતાના અંહભાવને નષ્ટ કરી અંતર ચક્ષુ રાખતો હોય, તો એ સમજવા અને જાણવામાં જરાએ બાધ નડી શકતો નથી. જેના દીદાર કરવા એ ખુદાના દીદાર કરવા છે, અને એ ખુદાની ખાસ બંદગી છે. તેના ફરમાનમાં રહે છે, તે ખુદાની આજ્ઞામાં રહેવા સમાન છે. તેમાં શંકા આણવા એ ખુદા માટે શંકા કરવા બરાબર છે. વસ્તુતઃ અલી અલ્લાહ છે.

તે સર્વ માનવ સમુહમાં "અકલે કુલ" ઉત્તમ જાણનાર છે. દરેક વસ્તુઓ તેની સત્તા હેઠળ છે, અને તેના જ્ઞાને આખા વિશ્વમાં વ્યાપીત છે. તેના જ્ઞાન અને બુદ્ધીનો તોલ કરવો તે અલ્પમતીવાળા માણસનું કામ નથી, કારણકે દરેક મનુષ્યની બુદ્ધી પરીપુર્ણ નથી. તેથી સીદ્ધ થાય છે કે (અકલે નાકિસ) ટુંકી બુદ્ધીવાળાઓ (અકલે કામિલ) સંપુર્ણ બુદ્ધીવાળાનું તોલ

કરી શકતા નથી. જે આ બારામાં કોઇ પોતાની ટુંકી બુદ્ધી ચલાવશે, તે નુકશાન વહોરી લેશે. અજાઝુલ પ્રમ ણે અલ્લાહના દરબારથી રાન્યો જાશે.

"ખીલાફતે બલાફી જીલ્દ બીજી"માં એક ઇસ્નાઅશરી લેખક અલ્લામા સૈયદ સીફ્તૈન હુસેન લખે છે કે,

હુ। અલીગુન બશરન કેફા બશર,
ફીહે રબ્બે તજલ્લા વઝહુર.
લીઝાતન મખલુકન વ વસ્ફન ખાલક,
અયનુલ બાબલ હુયરત.

ભાવાર્થ:—ખબરદાર થાઓ કે અલી મનુષ્ય છે, પણ તે કેવો? તેઓમાં અલ્લાહનો પ્રકાશ જલવાગર છે. સ્વરૂપમાં માણસ રૂપ છે, પરંતુ તેના ગુણો ખુદાઇ છે. તેમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી.

અલી નુર સ્વરૂપમાં અલ્લાહનું નુર છે. તે નુર સૃષ્ટીની રચનાથી પ્રથમ છે, જન્મેલ નથી. સૃષ્ટીની ઉત્તપન થએલી વસ્તુઓનો તે મોહતાજ નથી. તે સૃષ્ટીનો વીભાગ અથવા અંશ નથી. તેના જેવો કોઇ નથી. સૃષ્ટીના રજકણોથી તે અતી સુક્ષ્મ છે. જગતના પ્રભાવથી તે પ્રભાવીત થતો નથી. તેના જ્ઞાન બુદ્ધી અને આચરણમાં માથું મારવું તે વ્યર્થ છે. અલ્લાહની ઓળખાણ માટે અલીનું અસ્તીત્વ છે.

અલ્લાહને કોઇએ જોયો નથી. કેવો તેનો રંગ છે? કેવું તેનું રૂપ છે? તે એવી હસ્તી છે, કે કોઇના સમજવામાં આવી શકતી નથી. એની કળા અગમ્ય છે. સાકાર સ્વરૂપે ચાહે, તેને દિદાર આપે છે. માત્ર જોવાવાળી આંખની દરકાર છે.

હજરત મુસાએ અરજ કરી કે યા ખુદા! મને તારા દીદાર આપ. હુકમ થયો કે કદાપી જોઇ શકીશ નહી. આખર એક ઝલવો પ્રગટ થયો કે જેથી તેઓ બેભાન થઇ પડી ગયા. અને જે પહાડ ઉપર તેઓ ઉભા હતા તે પહાડ ટુકડે ટુકડા થઇ ગયો. "તે સુક્ષ્મમાં સુક્ષ્મ છે. તેના હોવાપણા અને ન હોવાપણા માટે દલીલ થઇ શકતી નથી. તેને રહેવાનું કોઇ સ્થળ નથી. તેના માટે કોઇ વસ્તુનો દાખલો આપી શકાતો નથી. વીગેરે વીગેરે" આવા પ્રકારની આયતો કુરઆને કરીમમાં મળી આવે છે, પરંતુ લંબાણ થતુ હોવાથી તેવા પ્રકારની આયાતો અત્રે ટાંકી નથી, અને તે દરેક મુસલમાન જાણે છે.

પવીત્ર કલામે મજીદમાં એવીએ આયતો સ્પષ્ટ રીતે મોજુદ છે, જેમાં વર્ણવ્યા મુજબ "તેજ ખુદાના હાથ પણ છે, પગ પણ છે. આંખો પણ છે. ચેહરો પણ છે. તેનું તખ્ત પણ છે, જે ફરીસ્તાઓ પોતાના ખભા ઉપર લઇ આવશે અને તેના ઉપર બેઠેલા હશે. અને મલાયકોની હારો સાથે કયામતના મેદાનમાં આવશે. અને તેના દીદાર માણસો કરી શકશે." આવી રીતે ખુદાને સ્પષ્ટ રીતે સાકાર બતાવવામાં આવ્યો છે. કદાચ કોઇ પ્રશ્ન કરશે કે, એકજ પુસ્તક એકજ ધર્મગુરૂ તરફથી મળ્યું હોય, તેમાં બે પ્રકારની વાતો હોય અને તે એક બીજાથી મળતી નહોય, એ કેમ બને? હવે એ કહો કે એ બે વાતોમાંથી કઇ સાચી ને કઇ જુઠી? આવું ધર્મ પુસ્તક ઇલ્હામી (પ્રગટીકરણ રૂપ) કેમ માની શકાય?

પરંતુ એ મર્મ સમજવા અને તેની હકીકતને પહોંચવા ઉત્તમ પ્રકારની બુધ્ધીની જરૂરત છે. સમજ્યા વગર અસ્વીકાર

કરવો, એ બુધ્ધીમાનનું કામ નથી. તેમાં અવશ્ય કંઇ ભેદ હોવો જોઇએ. આ ભેદ તે વખતે ખુલશે કે જે વખતે હકીકતના જ્ઞાનથી જાણીતા થવાય, નહીં તો સમજ્યા વગર ઇન્કાર કરવાથી ઇલ્હામી ગ્રંથો ખોટા ઠરશે. આવી વાતો કેવળ કુરઆનમાંજ નથી, બલ્કે દરેક ઇલ્હામી કીતાબોમાં જોવામાં આવે છે. વેદ, ભગવત ગીતા અવસ્થા અને બાઇબલ વીગેરે વીગેરે ધર્મ પુસ્તકોમાં ખુદાના સાકાર તથા નિરાકાર સ્વરૂપ વર્ણવ્યાં છે.

જરા વિચાર કરવાથીજ આ ગુંચવણનો ખુલાસો એવી રીતે મળે છે કે, તે હસ્તીના મોટા બે ગુણો જોવામાં આવે છે. એક 'સીફાતે તનઝીય્યા,' બીજી 'સીફાતે તશબીયા,' જેને હિંદવાસીઓ પોતાની ભાષામાં 'તનઝીય્યા' યાને નીરાકાર તથા 'તશબીયા' યા'ને સાકાર કહે છે.

નીરાકાર સ્વરૂપમાં તેનું કોઇ વરણુન કરી શકાતું નથી, કારણ કે જયારે એક વસ્તુનું સાકારી સ્વરૂપ હોય, તોજ તેના રૂપનું વર્ણન થઇ શકે છે. સાકાર સ્વરૂપ જાણવા માટે પાંચ ઇંદ્રીઓની જરૂર છે. (૧) આંખ (૨) કાન (૩) નાક (૪) જીભ (૫) ત્વચા. અગર એ પાંચ ઇંદ્રીઓમાંથી એક પણ ઇંદ્રી તેને જાણી શકતી નથી, તેને કળી ન શકે, તો તેનું વરણુન કેવી રીતે થયું ? જો કળ્યા વગર વર્ણન કરવામાં આવ્યું છે તો શું કલ્પના કરવામાં આવી છે ? તે પવિત્ર હસ્તી માટે કલ્પના કરવી હરામ છે. એથી સીદ્ધ થાય છે કે તેની હસ્તીનો ગુણ સાકાર સ્વરૂપમાં વસે છે. સાકાર સ્વરૂપ સીવાય વરણુન થવું અશકય છે. જેનું પ્રમાણ કુરઆને શરીફમાં સુરે હદીદની ત્રીજી આયતમાં મોજુદ છે. એટલે "તે પહેલાબી

હતો અને હવે પછી પણ રહેશે. જાહેરમાં પણ છે ને બાતનમાં પણ છે. તેણે પોતાના કુદરતી કમાલોથી અખિલ વિશ્વના રજકણે રજકણોમાં પોતાનો ગુણ ઉતપન કરી પોતે તખ્ત ઉપર બીરાજમાન થયો. તે આદીથી અંત સુધી કાયમ રહેનાર છે. તે એકજ અવીનાશી છે. ને આખું જગત નાશવંત છે" જેનું ઇલ્હામી ગ્રંથોમાં આવું વરણન કરવામાં આવ્યું છે, તે સરવે સાચાં છે ને તેમાં કશો ફરક નથી.

આ ખુલ્લો નિયમ છે કે ગુણ ગુણધારી વ્યકતીની સાથે હોય છે. કારીગરીથી કારીગર ઓળખાય છે. પરંતુ કારીગર તેમાં બેઠો નથી. કેવળ કારીગરી જોવાથી કારીગર યાદ આવે છે. અને એવું પણ નથી કે, કારીગરે કારીગરી કર્યા પછી તેની કારીગરી પુર્ણ થઇ રહે જયાં કારીગરની કારીગરી જોવામાં આવે છે, ત્યાં તે કારીગર મોજુદ પણ છે ને તેથી જુદો પણ છે. એવી રીતે તે ખુદા દરેક રજકણમાં મોજુદ પણ છે ને તેથી જુદો પણ છે. જે તેનાથી જુદો છે, તેના હાથ, પગ, આંખો ચહેરો ઇત્યાદી છે. તેજ આકાર સ્વરૂપ મનુષ્ય અવતારમાં અલી અલેયહીસ્સલામ છે. જેની ઇમામતનું તખ્ત કાયમ દાયમ, ચાલવાવાળું છે કીતાબ જવાહીરૂલ બાતન હીજરી ૮૦૫ માં આહમદ બીન યાકુબ સીરાજીએ લખી છે. તે કહે છે કે કુરઆન મજીદના પહેલા પારાની શરૂઆતના સુરે બકરમાં, અલીફ, લામ મીમ, ઝાલેકલ કીતાબ લારયબ ફીહે હોદલ્લ લીલ વંચાય છે પરંતુ હઝરત રસુલ સલલ્લલાહ અલેહી વસલમના વખતમાં ઇબ્ને અબાસથી નકલ છે કે, અલીફ, લામ, મીમ, ઝાલેકલ કીતાબ લારયબ ફીહે હોદલ્લ લીલ

મુતકીન પડવામાં આવતું, કારણ કે હજરત રસુલ સલલ્લાહના વખત પછી હજાજ ઇબને યુસુફના સમયમાં કુરઆને શરીફના શબ્દો ઉપર ઝબર, ઝેર, પેશ, ઝઝમ શદ મદ વીગેરે ચીન્હો ટાંકવામાં આવ્યા છે. હજરત રસુલના જમાનામાં તે ચીન્હો હતાં નહીં. કુરઆનના આ અલ્ફાઝ ઉપર અલીફ, વાવ, મીમ, મેળવવાથી ઓમ થાય છે જેનો અર્થ શરીયત, તરીકત, હકીકત, મારફત છે અલીફ, વાવ, મીમના ચીન્હો મુકીને આ આયતને વાંચવાથી આ અર્થ નીકળશે કે આ તે પુસ્તક છે, જેમાં શરીયત તરીકત હકીકત મારફત મોજુદ છે પરંતુ આ હિદાયત તેવા પરેહઝગારોને પ્રાપ્ત થઇ શકે છે, જે તે અલી ખુદાના સાકાર સ્વરૂપની તાબેદારી કરે છે. કારણ કે આ હકીકતની વાતો હઝરત અલીની મહોબત સીવાય બીજાઓને હાંસલ થઇ શકતી નથી હ રસુલ સાહેબે હદીસમાં ફરમાવ્યું છે કે લા માઅરફત ઇલ્લા હુબે અલીયુન” અલીની મહોબત સીવાય કોઇને મારફત હાસલ થઇ શકતી નથી. અને એ પણ ફરમાવ્યુ છે કે અના મદીનતુલ ઇલમ વ અલીયુન બાબોહા અર્થાત હું ઇલમનો શહેર છઉં અને અલી તે શહેરનો દરવાજો છે. હરેક ચીજ દરવાજામાંથી દાખલ થાય છે જયાં સુધી દરવાજો બંધ હોય ત્યાં સુધી કોઇ અંદર દાખલ થઇ ન શકે. અલી એલમનો દરવાજો છે, એટલા માટે શહેરથી શ્રેષ્ટ છે. કુરઆને મજીદમાં પણ આવ્યુ છે કે આતુલ બુયુત મીન અબ્વાબહા એટલે તમો દરવાજાથી આવો એટલે તમો હઝરત અલીથી શરીયત તરીકત હકીકત મારફત શાખાને ઇસ્લામમાં દાખલ થાવો, અને આ ૐ શબ્દ માટે કુરઆનમાં અન્ય સ્થળે પણ આયત મોજુદ છે.

વ મન ઇન્દહુ "ઓમ" મીલ કિતાબ.

એટલે અમારા પાસે એવી કિતાબ છે જેમાં સર્વે એલમનું બીજ છે. તે બીજ શરીયત તરીકત હકીકત ને મારફત છે. એવી રીતે તમામ એલમનો સંગ્રહ આ શબ્દ ૐ છે. અને જે કુરઆને શરીફનું મુળ છે. વાસ્તવમાં એ કુરઆનનું જ્ઞાન હઝરત અલી સીવાય કોઇ જાણતું નથી હદીસમાં હઝરત રસુલે ફરમાવ્યું છે કે.

"અલી માઅલ કુરઆન વ કુરઆન માઅલ અલી" અલી કુરઆન સાથે છે ને કુરઆન અલી સાથે છે.

આ ૐ તેજ ૐ છે જે પ્રાચીન સમયના ઇલ્હામી પુસ્તક વેદમાં મોજુદ છે જેનો અર્થ સંસ્કૃત ભાષાના વિદ્વાનોએ નીચે પ્રમાણે કર્યો છે.

તેઓએ ૐ ના ચાર દરજ્જા દેખાડયા છે.; અલીફ વાવ મીમ, અણું એટલે સુન્ય અલીફથી તાત્પર્ય અંકાર છે. એટલે જાગૃત અવસ્થા શરીયત; વાવથી તાત્પર્ય ઓકાર એટલે નીંદ્રાવસ્થા-તરીકત; મીમથી તાત્પર્ય મકાર સ્વપ્ન અવસ્થા; હકીકત અણું સુન્યથી સુશુપ્તી અવસ્થા મારફત. આથી જણાય છે કે વેદશાસ્ત્રનો ને કુરઆને શરીફનો ૐ એકજ સ્વરૂપ છે એ પણ જાણવું જોઇએ કે સંસ્કૃત લીપીમાં ઓમનું રૂપ અને અરબીની લેખનપદ્ધતીમાં અલીનું શબ્દ આકાર એક સરખું છે.

અલીનો શબ્દ અરબીના ઐન, લામ ને યે નો બનેલો છે ઐનનો મતલબ અલીમ (મહા જાણનાર) થાય છે, જે અલીમ એવી અલ્લાહની જાત છે, જે દરેક પ્રકારના ઇલમનો માહીત·

ગાર ને જાણવાવાળો અને આખા વિશ્વના ઇલ્મો તેનામાં સમા-એલા છે. લામની મતલબ સ્વાદ (લીઝઝત) થાય છે આ સ્વાદ એવો છે જે દુનીયાના સ્વાદોથી ઘણોજ ઉત્તમ અને આલા છે. તે સ્વાદ (લીઝઝત) મેળવવા માટે ચાર દરજજા પ્રાપ્ત કરવા જોઇએ (૧) પહેલો દરજજો "ફનાફીશ શેખ" એટલે મુર્શીદ કામીલની બૈયત કરવી (૨) બીજો દરજજો "ફનફીર રસુલ" જે આ મુર્શીદ કામીલથી ઇસ્મે આઝીમ મેળવાય ને તે ઉપર અમલ કરે (૩) ત્રીજો દરજજો ફનાફી અલ્લાહ તે ઇસ્મે આઝમનું એવો ઝીકર કરે કે તેમાં ફના થઇને પોતાના મુર્શીદ ૐ અલીના રૂપમાં જુએ અને દરેક દરેક રજકણુમાં તેનું સ્મરણ રહે અને પોતના આત્માને લીન્ન કરી તે મહાન લીઝઝત મેળવે છે અને તે વખતે આ લીઝઝતમાં ચકચુર રહે છે કે પોતેજ અલ્લાહના સ્વરૂપને જોઇ શકે છે. પરંતુ તેનું વર્ણન કરી શકતો નથી. તે વખતે તેને કોઇનો ડર કે ધાસ્તી રહેતી નથી આ દરજજો પસાર કરી જે મનસુરે આ લીઝઝત હાંસલ કરી અને પોતાની હસ્તીમાં–ૐ અલીને જોયો કોઇ જાતની ધાસ્તી વીગર અનલ હકનો નારો મારવા માંડયો (અવાજ કર્યો) સુળીની કાંઇ પરવા કરી નહીં તેના ઉસ્તાદ જુનેદ બગદાદીએ કેટલુંય સમજાવ્યું પરંતુ જે પ્રેમી આશક તે લીઝઝતનો ગ્રાહક બનેલો હતો તે અનલ હકનો અવાજ કરતો રહયો તેણે પોતાના ઉસ્તાદને કહ્યું કે હું ખુદીથી નિકળી ગયો છઉં અને કહ્યું:—

મન નમી ગોયમ અનલહક યાર મીગોયદ બુગો,
ચું નમી ગોયમ મરા દીલદાર મીગોયદ બુગો.

મનસુર પોતાના શરીરને અલ્લાહ કહેતો નહતો તેણે પોતાની હસ્તીમાં ૐ અલીને જોયો તેને અલ્લાહ કહેતો અલીના નામમાં જે "યે" છે અરબી શબ્દ છે જેથી તાત્પર્ય પુર્ણ યકીન કરવાનું છે તેજ પુર્ણ યકીન અલીને અલ્લાહ કહીને બકાબિલ્લાહના ચોથા દરજામાં વાસલ થયો. હમેશના માટે "બકાબિલ્લાહ" અલીના "યે"ના બે નુકતા દરમીયાન જે ફાસલો છે તે દરીયાએ વહેદત છે અને તે બે નુકતા બે કીનારા છે દુનીયા અને આખરત, જે બકાબિલ્લાહ જે દરજજે પહોંચ્યો તેને નતો દુનીયાની તમન્ના કે આખરતની ફીકર રહેતી નથી કારણ કે તે મૌલાના સ્વરૂપ જોવામાં લીન્ન થઇ જાય છે તેને દોજખ ને જન્નત બને સરખાં છે એટલે નતો તે દોજખથી ડરે છે નતો જન્નતથી રાજી થાય છે અને તે એવા સ્થળે પહોચે છે. નતો તે પોતે ખુદા બને છે, નતો તે ખુદાથી જુદો રહે છે.

ફ્તદલ્લા કાબ કૌસેન અવ અદના જે કુરઆને મજીદમાં આવ્યું છે. અવ અદના જેની સીફ્ત છે એટલે જે પ્રમાણે કમાનને મરડીને બે છેડા મેળવીએ તે બને કમાનોને મેળવ્યા બાદ તે બેઉ વચ્ચે જેટલો ફાસલો રહે છે તેટલો ફાસલો તે બકાબીલ્લાહનો દરજજો મેળવનારના હોય છે "ૐ" અલી તે દરીયાએ વહેદતનું કેન્દ્ર છે, જેમાં દરેક પ્રકારનાં આરામ સુખ ને શાંતી સદાને માટે છે અને દરેક વસ્તુ તે ૐ અલીથી પ્રગટ થઇ છે.

જવાહીરૂલ બાતનમાં આગળ ચાલતાં વરણવામાં આવ્યું છે કે કુરઆને મજીદમાં લખ્યું છે જે ઇન્નમા અગ્રાહુ

એઝા ઇરાદ શએયન અંઇ યકુલ લહુ કુન ફેયકુન જ્યારે તે કોઇ ચીજ પેદા કરવા ઇચ્છે છે, ત્યારે તે હુકમ કરે છે કે "થઇ જા" તો તે થઇ જાય છે. તે આકાર સ્વરૂપ ખુદાવંદે હુકમ કર્યો તે હુકમ વીરાટ રૂપ "ૐ" થયો. તેનાથી અખીલ વીશ્વ પ્રગટ થયું. જેવી રીતે ૐમાં ત્રણ અક્ષર છે એવીજ રીતે અલીમાં ત્રણ અક્ષર છે. તેવીજ રીતે હુકમના અંદર પણ ત્રણ અક્ષર છે એટલા માટે ૐથી પ્રથમ આકાશ થયું જે અહેદીયતમાં છુપેલું હતું તે પછી આકાશમાંથી પવન પેદા થયો. પવનથી આગ પ્રગટી, આગથી પાણી, પાણીથી ખાખ ખાખથી કુરએ જમીન થઇ એટલે જમીનના વિભાગો બન્યા આ છતબક્કાને દિવસના નામથી કુરઆને મજીદમાં વરણવવામાં આવ્યા છે, કે મેં જમીન આસમાનની અંદર હતું તે છ દિવસમાં પેદા કીધું આ કારીગરી કરીનેયે તે ૐ અલી એવોને એવોજ રહયો પછી તે ત્રણ શબ્દોમાંથી એક ખનીજ પદાર્થ વનસ્પતી અને પ્રાણી માત્ર ઉત્પન્ન થયા. પ્રાણી માત્રમાં બે પ્રકાર થયા. (૧) જાનવર ચરંદા ને પરંદા દરંદા જે પોતાના હાની લાભને સમજી શકતા નથી. બીજો પ્રકાર ઇનસાનનો છે. તે ત્રણ શબ્દોમાંથી વર્તમાન કાળ, ભુતકાળ અને ભવીષ્ય કાળ તેની જીંદગીની ઓળખ માટે મુકરર કરવામાં આવ્યા. તે પછી તેજ અક્ષરોથી આકાશમાં ત્રણ દરજ્જા જાહેર થયા. સુર્ય, ચંદ્ર, તારા, આખી સૃષ્ટી રચના પુર્ણ થયા પછી તે ૐ અલી અને અત્રથી બ્રહ્મા, વીસ્નુ અને મહેશ્વર, અહેદીયતમાંથી વહદીયતમાં આવ્યા, કારણ કે એ ત્રણે એકજ શકતી છે. જે પ્રમાણે ખુદા, પુત્ર, અને પવીત્ર આત્માની

ખ્રીસ્તીઓની માન્યતા છે, જે ત્રણ મળીને એક થાય છે જેને ત્રીપુટી (તસ્લીસ) કહે છે.

પરમેશ્વરથી તાત્પર્ય હજરતે આદમ છે, જેનો વંશ તારાઓની માફક જગતમાં ફેલાએલો છે. બ્રહ્માની મતલબ અંબીયા છે. યાને નબી, જેઓના સતગુરૂ બ્રહ્મા એટલે બધા નબીયોના સરદાર હજરત નબી મહમદ મુસ્તફા થયા. વિષ્ણુથી તાત્પર્ય તમામ અવતાર પાત્રો જેવાં કે ફરસીરામ, રામ, શ્રી કૃષ્ણ અનેક રંગ રૂપ ધારણ કરી કળજુગમાં છેલ્લા દશમા અવતાર નકલંકી નામ રાખી અરબસ્તાન દેશમાં ધર્મની સ્થાપના કરવા અને અધર્મનો નાશ કરવા ૐ અલીનો ઝંડો ફરકાવવામાં આવ્યો.

ભગવત ગીતા પુરાણા કાળની એક કીતાબ છે, જેમાં શ્રી કૃષ્ણના ફરમાનો છે. જેમાં બતાવવામાં આવ્યું છે કે હું દરેક જુગમાં મોજુદ ચાલ્યો આવું છું. જ્યારે ધર્મનો વીનાશ થાય છે, તેની સ્થાપના કરવા માટે સહાય કરૂં છું. પરંતુ જે મુઢમતી છે તે મને ઓળખી શકતા નથી.

વ્હાલા વાંચકો તે નિશ્ચયાર્થ હસ્તીનું સાકાર સ્વરૂપ (સીફાતે તશ્બીયા) જગતનો ઉદ્ધાર ૐ અલી વીશ્નુ જોતી નિષ્કલંક અવતાર જમાનાનો ઇમામ સાહેબલ અમ્ર હાદીયુલ મેંહદી હઝરત મૌલાના આગા સુલતાન મહમદશાહ સલવાતો વસ્લામ જેમનું તખ્ત દુનીયા પર મોજુદ છે, જેની સીલસીલેવાર સીધી લીટીએ ઝુર્રીયત (વંશ પરંપરા) આદ અનાદથી ચાલી આવે છે અને તે કયામતના દિવસ સુધી કાયમ દાયમ

ચાલતી રહેશે પરંતુ શ્રી કૃષ્ણના કથન પ્રમાણે જે મુઢ મતીના લોકો પોતાના પેટના પુજારી બની દુકાનદારી લગાવી બેઠા છે તે નથી ઓળખતા અને બીજાઓને પણ ઓળખવા દેતા નથી તેમાં અવતારી પુરૂષનો કશો દોષ નથી.

ગર ન બીનદ બરોઝે સબપર્રા ચશ્મ,
ચશ્મએ આફતાબરા ચે ગુનાહ.

એટલે દિવસના સુરજને ઘુવડની આંખો જોઇ ન શકે તો તેમાં સુર્યનો શો વાંક?—

હક તું પાક તું બાદશાહ;
મહેરબાન બી અલી તુંહી તું. ૧

રબ તું રહેમાન તું;
અલી અવલ આખર કાજી તુંહી તું. ૨

તેં ઉપાયા તેં નિપાયા;
સીરજણહાર બી તુંહી તું. ૩

જલ થલ મુલમંદણ હારના;
અલી હુકમ તેરા બી તુહી તું. ૪

તેરી દોસતીએ બોલ્યા પીર શમસ;
મેં બંદા તેરા અલી તુંહી તું. ૫